

# આહ્વાન

A MONTHLY BULLETIN OF SHAHPUR METHODIST CHURCH

Address : Bahai Center, Shahpur, Ahmedabad 380 001.
Email : revvijaymekwan@yahoo.com
Visit us at : www.shahpurmethodistchurch.com
Pastor : Rev. Vijay Mekwan (D.S)
Ph. : 079-25503545 (M) 98242 69347

વર્ષ - ૪૫ | મે - ૨૦૧૮ | પત્ર - ૬૫

## પ્રભુ ઈસુનું સ્વર્ગારોહણ

**"તેઓએ કહ્યું કે ગાલીલના માણસો, તમે આકાશ તરફ જોતા કેમ ઊભા છો? એ જ ઈસુ, જેને તમે તમારી પાસેથી આકાશમાં લઈ લેવામાં આવ્યો છે તે, જેમ તમે તેને આકાશમાં જતાં જોયો તેમ જ પાછો આવશે." (પ્રેરિતોનાં કૃત્યો ૧:૧૧)**

પ્રભુ ઈસુનાં દુ:ખ સહનનું મહાન પર્વ આપણે હાલમાં ઉજવ્યું છે. પ્રભુ ઈસુ ખ્રિસ્તે સમગ્ર માનવ જાતને સારૂ ખુબ આકરૂં દુ:ખ ઉઠાવ્યું, વધસ્તંભે જડાયા, મરણ પામ્યા તથા ત્રીજા દિવસે કબરમાંથી સજીવન થઈને પાછા ઉઠ્યા. આ એક ઈશ્વરે કરેલો મહાન ચમત્કાર છે. ઈસ્ટર મંડળીને ખુબ મહત્વનો પાઠ શીખવે છે. ઈસ્ટર જણાવે છે કે પ્રભુ ઈસુ મરણ પામ્યા પણ મૂએલાં રહ્યા નથી. તેઓ મરણને હરાવીને પુનરૂત્થાન પામ્યા છે. તેઓ આજે પણ જીવંત છે, આપણી સાથે છે અને આપણને સહાય કરે છે. ઈસ્ટર દ્વારા વિશ્વાસી વ્યક્તિ પ્રભુમાં વધુ ઉત્હાહિત થઈને આગળ વધે છે. પણ ઈસ્ટર પછીનું સત્ય મંડળી માટે વધુ મહત્વનું છે. ઈસ્ટર પછી શું બન્યું તે વિષે વિચાર કરવાની ખુબ જરૂર છે.

લુકે પ્રેરિતોના કૃત્યોનું પુસ્તક લખતાં ખુબ ચીવટભરી રીતે પ્રભુ ઈસુ વિષેની ઘટનાની નોંધ કરતાં લખ્યું છે કે, ઈસુએ પોતાના શિષ્યોને છેલ્લે એવી આજ્ઞા આપી કે, તેઓ યરૂશાલેમમાં રોકાય અને પવિત્ર આત્મા પામ્યા પછી ઈસુના શિષ્યો તરીકે તેઓ સાક્ષી આપવાની શરૂઆત કરે. આ પ્રભુ ઈસુની શિષ્યો સાથેની છેલ્લી મુલાકાત હતી અને ત્યારબાદ શિષ્યોના દેખતાં ઈસુ સ્વર્ગમાં ચઢી ગયા. ખરૂં કહીએ તો ઈશ્વરપિતાએ તેમને ફરી પોતાની પાસે 'ખેંચી' લીધા, જેમ પિતાએ પોતાના દીકરાને પૃથ્વી પર મોકલ્યા હતા તેમ તેમણે તેમને પાછા પોતાની પાસે બોલાવી લીધા. આ પ્રસંગે શિષ્યો અવાક્ બનીને આકાશ ભણી તાકીને જોઈ રહ્યા હતા ત્યારે બે પુરુષો એટલે પ્રભુના બે દૂતો તેમની પાસે આવ્યા અને તેમને એક ખાસ સંદેશા આપ્યો. જ્યારે જ્યારે માણસો પાસે અગત્યનો સંદેશો મોકલવાનો હોય ત્યારે ઈશ્વરે તેમના દૂતોની સેવા લીધી છે એમ બાઈબલમાં નોંધવામાં આવ્યું છે.

ઈસ્ટર પછીની આ ઘટના મંડળી અને લોકોના વિશ્વાસ માટે ખુબ મહત્વની છે. પ્રથમ તો આ ઘટના દ્વારા આપણને ખાતરી થાય છે કે પ્રભુ ઈસુ પુનરૂત્થાન પામ્યા છે અને તેઓ પિતાની પાસે સ્વર્ગમાં ગયેલા છે. આજે પણ તેઓ જીવંત છે. આજે ઈસુ ઈશ્વરપિતાની આગળ આપણે સારૂ મધ્યસ્થતા કરે છે (૧યોહાન ૨:૧). તે આપણે માટે ઈશ્વરપિતાની આગળ જાણે કે વકીલાત કરે છે. તે આપણો બચાવ છે, આપણે માટે તે ભલામણ કરે છે. આપણે નબળા છીએ એવું તે જાણે છે અને આપણી નબળાઈ માટે તે ઈશ્વરપિતાની આગળ મધ્યસ્થ બને છે. ઈસુનું સ્વર્ગારોહણ આપણને હિંમત આપે છે કે આપણે આ જીવનમાં જે સંઘર્ષ કરીએ છીએ તે તેઓ જાણે છે. આપણે પડી જઈએ કે કદાપી નિષ્ફળ જઈએ ત્યારે તે આપણને કાઢી મૂકવાના બદલે આપણા માટે તે બચાવ કરીને આપણને માફી આપવા તૈયાર છે. અને જો આપણે આપણી ભૂલ સ્વીકારીએ અને માફી માંગીએ તો તેઓ બાપને આપણને માફ કરવા માટે ભલામણ કરે છે. તેઓ સ્વર્ગમાંથી આપણી ખબર રાખે છે અને આપણને મદદ કરે છે.

બીજું, પેલા દૂતોએ જે સંદેશો શિષ્યોને આપ્યો તે એ કે જેમ ઈસુ સ્વર્ગમાં ચઢી ગયા અને શિષ્યોએ તેમને ઉપર જતાં જોયા તેમ જ ઈસુ ફરી પાછા આવશે. પ્રભુ ઈસુએ પણ પોતાના શિષ્યોને છેલ્લા ભોજન સમયે આ અંગે જણાવ્યું હતું.યોહાન ૧૪:૨-૩માં તેઓ બાપની પાસે પાછા જવાના છે, શા માટે જવાના છે અને ફરી શિષ્યોને લેવા માટે પાછા આવશે તે ભારપૂર્વક જણાવ્યું હતું. ઈસુ ખ્રિસ્તના સ્વર્ગારોહણ સમયે ફરી દૂતો દ્વારા ઈસુ ફરી પાછા આવશે એ વાત શિષ્યોને જણાવી. આ સંદેશો મંડળીને માટે પણ ખુબ મહત્વનો છે. ઈસુ ખ્રિસ્તે પોતાના બલિદાન દ્વારા આપણા સર્વનો ઉધ્ધાર કર્યો છે તે માટે ઈશ્વરપિતાની સ્તુતિ થાઓ. પણ આપણા માટે ભવિષ્યમાં એક મહાન આશા રાખી મૂકવામાં આવી છે. હાલમાં આપણે જે ખ્રિસ્તી જીવન જીવીએ છીએ, જીવનમાં ઘણો સંઘર્ષ વેઠીએ છીએ, મહેનત કરીએ છીએ એનું પરિણામ શું આવશે? આપણને તેનો બદલો શો મળશે? ઈશ્વરનું વચન આપણે ખાતરીપૂર્વક જણાવે છે કે ભવિષ્યમાં ઈસુ ખ્રિસ્ત પાછા આવવાના છે, આપણને લેવા માટે આવવાના છે. તેઓ આપણને પોતાની સાથે બાપના ઘરમાં એટલે કે સ્વર્ગમાં લઈ જશે. વળી, આપણે કરેલાં કાર્યો પ્રમાણે આપણને બદલો પણ આપશે, આપણો ન્યાય કરવામાં આવશે. અહીં આપણા માટે ઉત્તેજનની બાબત રહેલી છે, કારણ કે આપણા માટે સ્વર્ગમાં જગા તૈયાર કરવામાં આવી છે અને પ્રભુ ઈસુ આપણને ત્યાં લઈ જવા માટે આવવાના છે. સાથે સાથે તેમાં ચેતવણી પણ સમાયેલી છે. ઈસુનું પુનરાગમન આપણો ન્યાય કરવામાં આવશે તે અંગે આપણને સતર્ક કરે છે.

વહાલાંઓ, ઈસુ મરણમાંથી પાછા ઉઠ્યા એ હકિકત છે. તેઓ માણસોના દેખતા સ્વર્ગમાં પાછા ગયા છે તે પણ નક્કર સત્ય છે. પણ એથી વિશેષ મહત્વની બાબત એ છે કે તેઓ ફરી પાછા આવવાના છે. આપણને લેવા માટે તથા આપણે કરેલા કાર્યો પ્રમાણે આપણો ન્યાય કરવાને તેઓ પાછા આવવાના છે. પ્રભુ ઈસુના મરણ તથા પુનરૂત્થાનને યાદ કરીને આપણે પ્રભુમાં આનંદ કરીએ છીએ, પણ ઘણી વાર ઈસુના પુનરાગમનને આપણે ભૂલી જઈએ છીએ. પ્રભુ ઈસુના સ્વર્ગારોહણ દિનને આપણે યાદ કરીએ, પ્રભુમાં આનંદ કરીએ અને એ જ પ્રભુ ઈસુ ફરી જગતમાં આવવાના છે તે સત્યને ફરી તાજી રીતે યાદ કરીને પ્રભુ ઈસુને મળવાને માટે તૈયાર થઈએ. પુનરૂત્થાન પામેલા આપણ તારનાર પ્રભુ ઈસુનું સામર્થ્ય અને તેમના પુનરાગમનની આશા આપણ સર્વને આત્મિક રીતે બળવાન કરે કે જેથી આપણે આપણા જીવન દ્વારા તેમની સેવા કરતાં આગળ વધીએ. આમેન.

## રેવ. તિમોથી એન. પરમારનો પરિચય

તા. ૨૭ થી ૨૯ એપ્રિલ, ૨૦૧૮ દરમ્યાન ભરાયેલ રીજનલ કોન્ફરન્સના ૩૪મા અધિવેશનમાં બિશપસાહેબ દ્વારા રેવ. તિમોથી એન. પરમાર સાહેબની નિમણૂંક મેથોડિસ્ટ ચર્ચ, શાહપુર ઉપર કરવામાં આવી છે. રેવ. તિમોથી પરમાર સાહેબનો જન્મ તા. ૩જી એપ્રિલ, ૧૯૮૦ના રોજ ખેડા જીલ્લાના ઠાસરા તાલુકાના રસુલપુર ગામે થયો હતો. તેમના પિતાનું નામ નાગજીભાઈ પરમાર તથા માતાનું નામ ગંગાબેન છે. તેઓએ બી.એ.ની સ્નાતકની ડીગ્રી પ્રાપ્ત કરેલ છે. પ્રભુની સેવાનું તેડું મળ્યા બાદ તેઓએ ગુજરાત કોન્ફરન્સમાં પાળકની સેવા માટે અરજી કરી અને તેઓ બી.ડી.ની ડીગ્રી માટે લીયોનાર્ડ થિઓલોજીકલ સેમિનરી, જબલપુરમાં અભ્યાસ માટે ગયા હતા. તેઓએ બે વર્ષ ઓ.એમ. ટીમમાં પણ સેવાકાર્ય કર્યું હતું. ઈશ્વરવિદ્યાનો અભ્યાસ પૂરો કર્યા બાદ તેમને પણસોરામાં પાળક તરીકે પ્રથમ નિમણુંક આપવામાં આવી હતી. ત્યારબાદ વિંઝોલ, સિંધાલી, મહુધા અને અમદાવાદમાં ઈમાનુએલ જ્યુબીલી મેથોડિસ્ટ ચર્ચ, ગોમતીપુર અને આણંદમાં બેથેલ મેથોડિસ્ટ ચર્ચમાં સેવા કરવાની તક મળી હતી. તાજેતરમાં મળેલી રીજનલ કોન્ફરન્સમાં બિશપસાહેબ દ્વારા તિમોથીસાહેબને બેથેલ મેથોડિસ્ટ ચર્ચ, આણંદ પરથી આપણી મંડળી પર મૂકવામાં આવેલ છે. ઉલ્લેખનીય બાબત એ પણ છે કે ૨૦૧૫થી તેઓ ગુજરાત કોન્ફરન્સમાં યુથ ડાયરેક્ટર તરીકે પણ સેવા આપે છે. તેઓના લગ્ન ૧૧મી નવેમ્બર, ૨૦૧૦ રોજ શ્રીમતી એલીનાબેન સાથે થયેલ છે. તેઓના કુટુંબમાં પ્રભુએ એક દીકરી અર્પિતાનું દાન આપેલ છે. આ મંડળી ઉપર તેઓની સેવા ઈશ્વરપિતા ખુબ આશીર્વાદિત કરે એજ અંતરની પ્રાર્થના.

## ગુજરાત રીજનલ કોન્ફરન્સનો હેવાલ

ગુજરાત રીજનલ કોન્ફરન્સનું ૩૪મું અધિવેશન તા. ૨૭ થી ૨૯ એપ્રિલ, ૨૦૧૮ દરમ્યાન ગ્રીનવુડ રીસોર્ટ, અમદાવાદ ખાતે માનનીય બિશપ એન.એલ. કરકરેસાહેબના પ્રમુખપણા હેઠળ ભરાયું હતું, જેમાં આપણી મંડળીમાંથી પાળક અને ચૂંટાયેલ પ્રતિનિધિ શ્રીમતી કલ્પનાબેન ક્રિસ્ટીએ ભાગ લીધો હતો. તા. ૨૭મી બપોરે ૩-૦૦ક. રજીસ્ટ્રેશન, રહેઠાણની વ્યવસ્થા તથા જર્નલ વગેરે આપીને કાર્યવાહીની શરૂઆત કરવામાં આવી હતી. ત્યારબાદ ૪-૦૦ ક. ભક્તિસભાની શરૂઆત કરવામાં આવી. કોન્ફરન્સ સેક્રેટરી રેવ. રવિકાન્ત માસ્ટરે સંચાલન કર્યું અને અન્ય ડી.સુ.સાહેબોએ જુદી જુદી બાબતોમાં મદદ કરી. માનનીય બિશપસાહેબે પ્રે.કૃ. ૧:૮ આધારિત **'તમે મારા સાક્ષી થશો'**એ વિષય ઊપર સંદેશો આપ્યો હતો અને સર્વ પ્રભુભોજનમાં જોડાયા હતા. ત્યારબાદ કોન્ફરન્સની કાર્યવાહી શરૂ કરવામાં આવી. હાજરી પૂર્યા બાદ અને કોન્ફરન્સના માળખાની રચના કર્યા બાદ માનનીય બિશપસાહેબનો આવકાર કોન્ફરન્સ દ્વારા, અમદાવાદ વેસ્ટ ડિસ્ટ્રિક્ટ દ્વારા, ડિકનેસ કોન્ફરન્સ દ્વારા કરવામાં આવ્યો. બીજા દિવસે સવારે ૮-૩૦ ક. ભક્તિસભામાં નડીઆદ એલિમ મંડળીના પાળક રેવ. કેતન પરમારે સંદેશો આપ્યો હતો. ત્યારબાદ બિશપસાહેબ દ્વારા તેમનું કોન્ફરન્સને સંબોધન કરવામાં આવ્યું હતું. ડિસ્ટ્રિક્ટ સુપ્રિન્ટેન્ડેન્ટસના હેવાલો વાંચવામાં આવ્યા હતા. બપોરના ભોજન બાદ પાળકોનું અલગ સેશન મળ્યું હતું. ત્યાર બાદ સર્વ સંયુક્ત રીતે ભેગા મળ્યા હતા. ત્રીજા દિવસે સવારે ૯-૩૦ ક. ભક્તિસભાનું આયોજન કરવામાં આવ્યું હતું. રેવ. રવિકાન્ત માસ્ટર, કોન્ફરન્સ સેક્રેટરીએ સંચાલન કર્યું હતું અને કોન્ફરન્સની બોર્ડ ઓફ મિનિસ્ટ્રીના ચેરમેન રેવ. સેમ્યુલ સુવાર્તિક સાહેબે સંદેશો આપ્યો હતો. બિશપસાહેબે દીક્ષા લેનાર ઊમેદવારોને ઉત્તેજન આપતા શબ્દો કહ્યા હતા. ત્યારબાદ એક બહેનને ડિકનની અને બે પાળકોને એલ્ડરની દીક્ષા આપવામાં આવી હતી. કોન્ફરન્સ તરફથી તેમને ફુલહાર આપીને અભિનંદન આપવામાં આવ્યા હતા. ત્યાર બાદ કોન્ફરન્સની પૂર્ણાહૂતિ કરતાં માન. બિશપસાહેબે પાળકો અને અન્ય આગેવાનોની નિમણૂંકો વાંચી હતી. છેલ્લે આશીર્વાદ ઉચ્ચારી માન. બિશપસાહેબે કોન્ફરન્સનું કાર્ય પૂર્ણ કર્યું હતું. કોન્ફરન્સમાં અમદાવાદમાં કેટલીક નિમણુંક નીચે પ્રમાણે છે.

| | |
|---|---|
| રેવ. વિજય જે. મેકવાન | મેથોડિસ્ટ ચર્ચ, રાયખડ |
| રેવ. તિમોથી પરમાર | મેથોડિસ્ટ ચર્ચ, શાહપુર |
| રેવ. યાકૂબ મેકવાન | ડી.સુ. અમદાવાદ ઈસ્ટ ડિસ્ટ્રિક્ટ અને પાળક, શાલોમ મેથો. ચર્ચ |
| રેવ. રવિકાન્ત માસ્ટર | મેથોડિસ્ટ ચર્ચ, મણિનગર |
| રેવ. કેતન પરમાર | સિયોન મેથો. ચર્ચ, સાબરમતી |
| રેવ. અનિલ રાણા | બેથાની જ્યુ. મેથો. ચર્ચ, અસારવા |
| રેવ. સાયમન બ્રેનાર્ડ | અમરેલી |
| શ્રીમતી જ્યોત્સના બ્રેનાર્ડ | અમરેલી સ્કુલ |
| રેવ. જસ્ટીન ક્રિશ્ચિયન | આગાપે મેથોડિસ્ટ ચર્ચ, રાણીપુર |

## એપ્રિલ માસ તરફ એક નજર

- તા. ૧લી એપ્રિલ, રવિવારે પાળકે ઈસ્ટરની ભક્તિસભામાં માર્ક ૧૬:૧-૮ આધારિત પ્રભુ ઈસુ ખ્રિસ્તના પુનરૂત્થાનના મહત્વ વિષે સંદેશો આપ્યો હતો.
- તા. ૮મી એપ્રિલ, રવિવારે ભક્તિસભામાં પાળકે બાઈબલના જીવંત પાત્રોની શ્રેણીમાં ગણના ૧૩:૧૭-૩૨ આધારિત સંદેશો આપ્યો હતો.
- તા. ૧૫મી એપ્રિલ, રવિવારે ભક્તિસભામાં પાળકે બાઈબલના જીવંત પાત્રોની શ્રેણીમાં યહોશુઆ ૧:૧-૧૧ આધારિત યહોશુઆના તેડા સંબંધી સંદેશો આપ્યો હતો.
- તા. ૨૨મી એપ્રિલ, રવિવારે ભક્તિસભામાં પાળકે બાઈબલના જીવંત પાત્રોની શ્રેણીમાં યહોશુઆ ૩:૧-૧૭ આધારિત બાઈબલના જીવંત પાત્રોની શ્રેણીમાં યહોશુઆની કસોટી અને તેની આધીનતા સંબંધી સંદેશો આપ્યો હતો.
- તા. ૨૯મી એપ્રિલ, રવિવારે મંડળીમાં મહિલા મંડળ દ્વારા મહિલાદિન ઉજવવામાં આવ્યો હતો. ભક્તિસભામાં શ્રીમતી મંદાકીનીબેન પેલમોરે સંચાલન કર્યું હતું અને શ્રીમતી પર્લશીલા શૈલેષભાઈ અમીને પ્રભુનો સંદેશો આપ્યો હતો. વળી મંડળીનાં વડીલ બહેનોને ગુલાબનું ફુલ આપી તેમનું બહુમાન કરવામાં આવ્યું હતું.

## BIRTHDATES IN MAY-2018




| તારીખ | નામ |
|---|---|
| ૧/૫ | લીના બી. બોરકર |
| ૫/૫ | નિલેશ બી. પરીખ |
| ૬/૫ | નીપા ચિરાગ ચૌહાણ (USA) |
| ૭/૫ | વેલેન્ટીના ફ્રાન્સીસ ગોહિલ |
| ૧૦/૫ | એની એન્થની ક્રિશ્ચિયન |
| ૧૦/૫ | ઊર્મિલાબેન આર. સોલંકી |
| ૧૫/૫ | જેશન જીમી ડેવિડ |
| ૧૬/૫ | અરૂણાબેન સામી ગામડીયા |
| ૧૬/૫ | શાર્ન શેરીલ ક્રિશ્ચિયન |
| ૧૭/૫ | મનોજભાઈ સી. ચૌહાણ |
| ૧૮/૫ | શરદભાઈ જે. માસ્ટર |
| ૧૯/૫ | ડોનાલ્ડ જી. મેકવાન (USA) |
| ૨૦/૫ | આગ્નેશબેન જે. મેકવાન |
| ૨૦/૫ | બેબી આન્યા ઓનિલ પેટ્રિક |
| ૨૨/૫ | ક્રિસ્ટીના ફ્રાન્સીસ ગોહિલ |
| ૨૬/૫ | નલીન આર. ક્રિશ્ચિયન |
| ૩૧/૫ | રીયોન ઈમાનુએલ ખ્રિસ્તી |

## નાણાંકીય અહેવાલ માર્ચ - ૨૦૧૮

| | | |
|---|---|---|
| તા.૦૧-૦૩-૧૮ની ઉઘડતી સિલક | રોકડ | ૧૪૧૬.૮૮ |
| | બેંક | ૫,૩૭,૦૭૨.૬૬ |
| તા.૩૧-૦૩-૧૮ સુધીની આવક | | ૧,૬૦,૬૯૧.૦૦ |
| | કુલ | ૬,૯૯,૧૮૦.૫૪ |
| તા. ૩૧-૦૩-૧૮ ની બંધ સિલક | | |
| | રોકડ | ૧૩૨૫.૮૮ |
| | બેંકમાં | ૫,૨૦,૧૨૫.૬૬ |
| તા.૩૧-૦૩-૧૮ સુધીનો ખર્ચ | | ૧,૭૭,૭૨૯.૦૦ |
| | કુલ | ૬,૯૯,૧૮૦.૫૪ |

શ્રી મનોજભાઈ સી. ચૌહાણ, ટ્રેઝરર

## પાળક મારફતે મળેલ દાન

**એપ્રિલ**

| | | | |
|---|---|---|---|
| ૧. | શ્રીમતી શીરીનાબેન એ. ગામડીયા | ૨૦૦ | આ.સ્તુ. |
| ૨. | શ્રીમતી સુધા એચ. કુજરાવીયા | ૧૦૦૦ | વર્ષગાંઠ |
| ૩. | શ્રી હર્ષદભાઈ એ. કુંજરાવીયા | ૧૦૦૦ | વર્ષગાંઠ |
| ૪. | મા. શાલીન એસ. માસ્ટર | ૨૦૦ | વર્ષગાંઠ |
| ૫. | શ્રીમતી પ્રિમા શરદ માસ્ટર | ૨૦૦ | વર્ષગાંઠ |
| ૬. | શ્રી સુલેમાન ટી. રૂબી | ૧૦૦ | વર્ષગાંઠ |
| ૭. | શ્રી/શ્રીમતી રિચાર્ડ હિવાળે | ૧૩૦૦ | આ.સ્તુ. |
| ૮. | શ્રી નોએલ એસ. ક્રિસ્ટી | ૧૦૦ | આ.સ્તુ. |
| ૯. | કુ. સેનીટા પ્રશાંત ક્રિશ્ચિયન | ૫૦૦ | વર્ષગાંઠ |
| ૧૦. | શ્રી સામી એ. ગામડીયા | ૨૦૦ | વર્ષગાંઠ |
| ૧૧. | શ્રી રાજેશભાઈ આર. ક્રિશ્ચિયન | ૫૦૦ | વર્ષગાંઠ |
| ૧૨. | કુ. સેલીના ફ્રાન્સિસ ગોહેલ | ૨૦૦ | વર્ષગાંઠ |
| ૧૩. | શ્રીમતી લક્ષ્મીબેન એફ. રાઠોડ | ૧૦૦ | વર્ષગાંઠ |
| ૧૪. | શ્રી જીગ્નેશ જે. દાસ | ૫૦૦ | વર્ષગાંઠ |
| ૧૫. | શ્રી જીગ્નેશ જે. દાસ | ૧૦૦૦ | આ.સ્તુ. |
| ૧૬. | કુ. સેનીટા પ્રશાંત ક્રિશ્ચિયન | ૫૦૦ | આ.સ્તુ. |
| ૧૭. | શ્રીમતી શર્મિલા એસ. અર્લિક | ૨૦૦ | આ.સ્તુ. |
| ૧૮. | શ્રી/શ્રીમતી શરદભાઈ બી. વાઘેલા (તનયના લગ્નપ્રસંગે) | ૧૦૦૦ | આ.સ્તુ. |
| ૧૯. | સલોની નિરવ મહિડા | ૫૦૦ | વર્ષગાંઠ |
| ૨૦. | શ્રી રશ્મિકાન્ત પી. મહિડા | ૫૦૦ | વર્ષગાંઠ |

**ખાસ સુચના :** બુલેટીનમાં છાપવામાં આવતી વર્ષગાંઠ સબંધી કોઈપણ ફેરફાર કે ઉમેરો કરવાનો હોય તે અંગે પાળકને જાણ કરવા વિનંતી છે.

# Cross Word Puzzle - May - 2018




**May - 2018**

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ■ | ૧ | | ■ | ૨ | | ૩ |
| ૪ | | ■ | ૫ | | ■ | |
| ■ | ૬ | | | | ■ | |
| ૭ | ૮ | ■ | | ■ | ૯ | |
| ૧૦ | | | ■ | ૧૧ | ૧૨ | ■ |
| | ■ | ■ | ૧૩ | ૧૪ | | ૧૫ |
| ■ | ૧૬ | | | | ■ | |

**આડી ચાવી**

(૧) કેમ કે, ..........., યહોવા પોતાના સ્થાનમાંથી નીકળી આવે છે. (૨) (મીખાહ - ૧ લો અધ્યાય)
(૨) જેથી એસાવના પર્વત પરથી પ્રત્યેક જનની કતલ થઈને સર્વનો ........... થાય (૩) (ઓબાદ્યા)
(૪) પણ તારા ભાઈના સંકટ સમયે તેના ........... તું જોઈ ન રહે. (૨) (ઓબાદ્યા)
(૫) નામ વગેરેનું રહટણ (૨)
(૬) હે મારા લોક, એ તો યાદ કરો કે મોઆબના રાજા બાલાકે શી ........... કરી. (૪) (મીખાહ - ૬ ઠ્ઠો અધ્યાય)
(૭) જેથી એસાવના પર્વત પરથી પ્રત્યેક ............ ની કતલ થઈને સર્વનો સંહાર થાય. (૨) (ઓબાદ્યા)
(૯) યૂના યહોવાની હજૂરમાંથી તાર્શીશ ............જવાને ઊઠ્યો. (૨) (યૂના - ૧ લો અધ્યાય)
(૧૦) કેમ કે મારે જીવવા કરતાં ........... બહેતર છે. (૩) (યૂના - ૪ થો અધ્યાય)
(૧૧) મારા ધણી, મૂસા, તેઓને ........... કર. (૨) (ગણના - ૧૧મો અધ્યાય)
(૧૩) મેં મારું બિછાનું બોળ, અગર તથા ............થી સુગંધીદાર બનાવ્યું છે. (૨) (નીતિવચનો - ૭ મો અધ્યાય)
(૧૪) નાકાવેરો (૩)
(૧૬) ને રુદન કરીને કહેશે કે, અમે છેક ................ થયા છીએ. (૪) (મીખાહ - ૨ જો અધ્યાય)

**ઊભી ચાવી**

(૧) તારા ભાઈ યાકૂબ ઉપર ........... ગુજાર્યાને લીધે તું લજ્જિત થશે. (૩) (ઓબાદ્યા)
(૨) પરદેશીઓ તેની ........... લઈ ગયા, ને બીજા દેશના લોકો તેના દરવાજાઓની અંદર પેસી ગયા. (૩) (ઓબાદ્યા)
(૩) કેમ કે મારોથ નો ........... ચિંતાતુર થઈને કલ્યાણની ઉત્કંઠા રાખે છે. (૪) (મીખાહ-૧નો અધ્યાય)
(૫) હે લાખીશના રહેવાસી, તું રથે ........... ઘોડા જોડ. (૩)(મીખાહ - ૧ લો અધ્યાય)
(૬) તું તારા .......... માં એમ માને છે કે, મને નીચે ભૂમિ પર કોણ પાડશે ? (૨)(ઓબાદ્યા)
(૭) તો આ મોટું નગર નિનવેહ કે જેની અંદર એક લાખ વીસ હજાર એવા લોક છે કે જેઓ પોતાનો ........... હાથ કયો ને ડાબો હાથ કયો એટલું પણ જાણતા નથી. (૩) (યૂના - ૪ થો અધ્યાય)
(૮) ત્યારે જે સ્ત્રીને .............. બાળક અવતર્યો હતો. તેને તેણે સતાવી. (૨) (પ્રકટીકરણ - ૧૨ મો અધ્યાય)
(૯) અને તેઓએ ઉપવાસનો ઢંઢેરો પિટાવીને મોટાથી તે ........... સુધી સર્વએ ટાટ પહેર્યું. (૨)(યૂના-૩જો અધ્યાય)
(૧૧) ત્રણ દિવસની ........... જેટલો તેનો ઘેરાવો હતો. (૩) (યૂના- ૩ જો અધ્યાય)
(૧૨) તેઓ આશ્શૂર દેશને તરવારથી તથા નિમ્રોદના દેશને તેના ...........માં ઉજ્જડ કરી મૂકશે. (૨) (મીખાહ - ૫મો અધ્યાય)
(૧૩) પરવા, દરકાર (૨)
(૧૫) તે જોવાને રાહ જોતો તેની ............... બેઠો. (૨) (યૂના - ૪ થો અધ્યાય)

## C.W.P. April-18 ના ઉકેલ

**આડી ચાવી :** (૧) છેક (૨) કરાર (૪) બાજુ (૬) કરી (૭) તૂર (૮) છેવટ (૧૧) યોદ્ધા (૧૩) સારંગી (૧૪) ગીતો (૧૬) દાઉદ (૧૭) ચાર

**ઊભી ચાવી :** (૨) કચરી (૩) રખે (૪) બાકી (૫) કીર (૬) કરીયોથ (૭) તૂટ (૯) વરસાદ (૧૦) બે (૧૨) બગીચા (૧૫) તોર

## April-18 ક્રોસવર્ડના સાચા જવાબના નામો

**સંજોગોવસાત સાચા જવાબો આપનારમા નામો આ અંકમાં છાપવામાં આવેલ નથી**

- ક્ષમાયાચના

**સુચના :** શબ્દ ચોરસ ભરીને આપ રેવ. તિમોથી પરમારને આપશો. સાચાં જવાબ આપનારના નામ બીજા અંકમાં પ્રસિધ્ધ કરવામાં આવશે. સર્વને ભાગ લેવા વિનંતિ છે. - આભાર